જા.નં.ક-10/ગ્રાંન્ટશાખા/ ૯-૪૫૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
કારેલીબાગ, વડોદરા
તા. 08/09/2020

પ્રતિ,
આચાર્યશ્રી,
સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને
તેમજ ફી વિકલ્પવાળી) શાળાઓ,
જિ-વડોદરા

વિષય: બિન આદિજાતિ વિસ્તાર હેઠળના ધોરણ-9 થી 12 ની નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી બિન સરકારી ગ્રાન્ટેડ મા અને ઉ.મા. શાળાઓની વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) ને વિનામુલ્યે શિક્ષણ પૂરું પાડવા બાબતની માહિતી આપવા અંગે.

સંદર્ભ : સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક) નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક : ઘ/માધ્ય/મા-૧/ વિનામુલ્યેશિક્ષણ/૨૦૨૦-૨૧/૧૬૪૮૭-૫૨૦ તા. ૦૫/૦૯/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આ જિલ્લાની બિન આદિજાતિ વિસ્તાર હેઠળના ધોરણ-૯ થી ૧૨ ની નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી બિન સરકારી ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓની વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) ને વિનામુલ્યે શિક્ષણ પૂરું પાડવા બાબતે શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૬/૦૪/૨૦૧૭ના ઠરાવથી આ યોજના ચાલુ શૈક્ષણિક સત્ર જુન-૨૦૨૦ થી શરૂ કરવામાં આવેલ છે. શાળાએ ધો. ૯ થી ૧૨ મા અભ્યાસ કરતી કોઈ પણ કન્યાઓ પાસેથી કોઈ પણ પ્રકારની ફી કોઈપણ સ્વરૂપે લેવાની રહેતી નથી. છતાપણ જો કોઈ શાળા ફી લેતી માલૂમ પડશે તો શાળાને ગ્રાન્ટ કાપ આપવા/ નોંધણી રદ કરવા/ શાળાનો વહીવટ સરકારશ્રી હસ્તક લેવા સુધીના પગલા લેવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

શાળામાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં હાલની સ્થિતિએ ધોરણ -૯ થી ૧૨ મા અભ્યાસ કરતી કન્યાઓની સંખ્યા સંદર્ભ દર્શિત પત્ર મુજબ પત્રક- એ ( નિભાવ ગ્રાન્ટ અનુદાન લેતી શાળાઓ)

અને પત્રક- બી ( ફી વિકલ્પવાળી શાળાઓ) માં માહિતી તૈયાર કરી દિન-૨ માં અત્રેની કચેરીની ગ્રાન્ટ શાખામાં રૂબરૂમાં જમા કરાવવાની રહેશે. અને શાળાના આચાર્યશ્રી દ્વારા સંખ્યા બાબતનું પ્રમાણપત્ર પણ અચૂક રજૂ કરવાનું રહેશે. જે અનુસંધાને સંખ્યા બાબતે કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તે અંગેની સઘળી જવાબદારી શાળાના આચાર્યશ્રીની પોતાની રહેશે, જેની અંગત નોંધ લેશો. સદર માહિતી સમય મર્યાદામાં અત્રેની કચેરીને રૂબરૂમાં નહી મળે તો ગ્રાન્ટ અંગે ભવિષ્યમાં જે કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની પોતાની રહેશે, જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા

## પત્રક (અ) નિભાવ અનુદાન લેતી શાળાઓની માહિતી.

| શાળાઓની સંખ્યા | ધોરણ | નિભાવ અનુદાન લેતી શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ (વિદ્યાર્થીનીઓની સંખ્યા) | | કુલ કન્યાઓની સંખ્યા | એક કન્યાદીઠ ફી ની રકમ (રૂા.) | કુલ રકમ (રૂા.) (કોલમ–૫ ને કોલમ–૬ નો ગુણાકાર) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | બિન આદિજાતિ | આદિજાતિ | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| | 9 | 0 | 0 | 0 | 75 | 0 | |
| | 10 | 0 | 0 | 0 | 50 | 0 | |
| | 11 (સા.પ્ર.) | 0 | 0 | 0 | 180 | 0 | |
| | 12 (સાં.પ્ર.) | 0 | 0 | 0 | 160 | 00 | |
| | 11 (વિ.પ્ર.) | 0 | 0 | 0 | 230 | 0 | |
| | 12 (વિ.પ્ર.) | 0 | 0 | 0 | 210 | 0 | |

## પત્રક બ ગ્રાન્ટ ઈન એઈડ (ફી વિકલ્પવાળી) શાળાઓની માહિતી.

| શાળાઓની સંખ્યા | ધોરણ | ગ્રાન્ટ ઈન એઈડ (ફી વિકલ્પવાળી) શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ (વિદ્યાર્થીનીઓની સંખ્યા) | | કુલ કન્યાઓની સંખ્યા | એક કન્યાદીઠ ફી ની રકમ (રૂા.) | કુલ રકમ (રૂા.) (કોલમ–૫ ને કોલમ–૬ નો ગુણાકાર) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | બિન આદિજાતિ | આદિજાતિ | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 73 | 9 | 0000 | 0 | 0 | 720 | 0 | |
| | 10 | 0 | 0 | 0 | 840 | 0 | |
| | 11 (સા.પ્ર.) | 0 | 0 | 0 | 960 | 0 | |
| | 12 (સા.પ્ર.) | 0 | 00 | 00 | 1140 | 00 | |
| | 11 (વિ.પ્ર.) | 0 | 0 | 0 | 1090 | 0 | |
| | 12 (વિ.પ્ર.) | 0 | 0 | 0 | 1300 | 0 | |